

## વિષયઃ ભારતના વિશાળ દરિયા કિનારાનો ભારતને ફાયદો

**મયુરીકાબેન પટેલ**
(માધ્યમિક વિભાગ)

ભારતમાં કુલ ૭૫૧૬.૬ કિલોમીટર લાંબો સમુદ્ર તટ છે. એમાં સહુથી વિશાળ દરિયા કિનારો ગુજરાત રાજયનો છે. અંદાજે ૧૨૧૪ કિલોમીટર સમુદ્ર તટ ગુજરાતનો છે. જેમાં અરબ સમુદ્ર મુખ્ય છે. જે ભારતના કુલ સમુદ્ર તટના ૨૩% દરિયા કિનારો ધરાવે છે. આ દરિયા કિનારામાં ભારતના બંને કિનારાઓનો સમાવેશ થાય છે. પૂર્વીય કિનારો અને પશ્ચિમી કિનારો. પૂર્વીય કિનારો સિંગાપોર સુધી લંબાય છે. જયારે પશ્ચિમી કિનારો પાકિસ્તાન સુધી લંબાય છે.




**આ કિનારો ૯ રાજયો અને ૪ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી પસાર થાય છે.**

- **રાજયો :** ગુજરાત, મહારાષ્ટ્ર,ગોવા, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળ
- **કેન્દ્રશાસિત પ્રદેશો :** દીવ અને દમણ, પુડુચેરી, લક્ષદ્વીપ અને અંદામાન-નિકોબાર ટાપુ

ભારતના દરિયા કિનારાનો મોટાભાગનો ભાગ મુખ્યત્વે રેતાળ છે. કેટલાક વિસ્તારોમાં ખડકો અને ખીણો પણ છે. દરિયા કિનારાની આસપાસના વિસ્તારોમાં ઘણા શહેરો અને ગામો આવેલા છે. ભારતનો દરિયા કિનારો તેની સુંદરતા અને વૈવિધ્ય માટે જાણીતો છે. અહીં ઘણા સુંદર બીચ, ટાપુઓ અને સ્મારકો છે. દરિયા કિનારો ટૂરીઝમનું એક મુખ્ય આકર્ષણ છે.

ગાંધીની ભૂમિ ગુજરાત તેની સમૃદ્ધ સંસ્કૃતિ,ઇતિહાસ અને સુંદર દરિયા કિનારા માટે જાણીતું છે.રાજયને ૧૬૦૦ કિમીથી વધુ વિસ્તરેલો વિશાળ દરિયા કિનારો આશીર્વાદ આપે છે, જે તેને ભારતમાં સૌથી લાંબો દરિયા કિનારો ધરાવતું રાજય બનાવે છે. કલ્પના કરો ગુજરાતનો દરિયા કિનારો ન્યૂયોર્ક સિટી અને લોસ એન્જલસ વચ્ચેના અંતર કરતાં પણ લાંબો છે.

**ગુજરાતને ૧૬૦૦ કી.મી લાંબો દરિયાકિનારો મળ્યો છે. આટલાં લાંબા દરિયાકિનારાના ફાયદા :** માછીમારોનો વ્યવસાય, મીઠાનો ઉદ્યોગ, પર્યટન સ્થળો, હોડીનો વ્યવસાય, દરિયાઇ શેવાળથી ખેતી, ખડકોનું નિર્માણ, જીવન વિવિધતા, રોરોફેરી

---



## વિષય : શાળામાંથી અપાતા તમામ દાખલા પ્રમાણપત્રો, કઇ કઇ શિષ્યવૃત્તિ મળે ?, નોનક્રીમીલેયર સર્ટી વગેરેની માહિતી

**ભોપીનભાઇ વસાવા**
જુનિયર કલાર્ક (ગ્રાન્ટેડ)

શાળામાંથી આપવામાં આવતા પ્રમાણપત્રો તથા શિષ્યવૃતિ તથા નોન ક્રીમીલેયર આપવામાં આવે છે.જેવાકે બોના ફાઇડ સર્ટીફીકેટ સ્કુલ લીવીંગ સર્ટી, SC,ST, OBC, જાતિના દાખલા પ્રમાણપત્રો તથા ટ્રાયલ સર્ટીફીકેટ તથા શાળામાં યોજાયેલ જુદી જુદી પ્રવૃતિઓના સર્ટીફીકેટ, કેરેકટર સટી, બોર્ડ પાસિંગ સર્ટી તથા ધોરણઃ ૧૦,૧૨ બોર્ડ માર્કશીટ તથા નોન ક્રીમીલેયર સર્ટીફીકેટ મામલતદાર ઓફિસમાંથી આપવામાં આવે છે. તથા પ્રાથમિક શિષ્યવૃતિ, માધ્યમિક શિષ્યવૃતિ, પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ ઉચ્ચતર માધ્યમિક વિભાગના વિદ્યાર્થીઓને SC, ST, OBC નાં વિદ્યાર્થીઓને ટ્યુશન સહાય, નમો લક્ષ્મી સ્કોલરશીપ, નમો સરસ્વતી સ્કોલરશીપ તથા શાળાને લગતા જરૂરી પ્રમાણપત્રો શાળામાંથી આપવામાં આવે છે.

---







## વિષય : જીવનમાં બજેટનું મહત્વ

ઊર્વશીબેન જાની
(ઈન્ચાર્જ આચાર્યા, કૉમર્સ વિભાગ)

❖ **બજેટ એટલે શુ છે ?**

બજેટ એ એક આયોજન છે. જે તમને તમારી આવક અને ખર્ચને ટ્રેક કરવામાં મદદ કરે છે. આ તમને તમારા પૈસાને અસરકારક રીતે મેનેજ કરવામાં અને તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. એક બજેટ તમને જાણવામાં મદદ કરે છે કે તમારા પૈસા કયાં જઇ રહ્યા છે અને તમે તેનો વધુ સારી રીતે ઉપયોગ કેવી રીતે કરી શકો છો.

❖ **જીવનમાં બજેટનું મહત્વ :**

➢ આર્થિક સુરક્ષા : બજેટ તમને તમારા ખર્ચ પર નિયંત્રણ રાખવામાં મદદ કરે છે અને તમને આર્થિક રીતે સુરક્ષિત અનુભવ કરાવે છે.

➢ લક્ષ્ય પ્રાપ્તિ : બજેટ તમને તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે, પછી ભલે તે નવી કાર ખરીદવી હોય અથવા નિવૃત્તિ માટે બચત કરવી હોય.

➢ તણાવ ઘટાડવો : બજેટ તમને પૈસા વિશે ચિંતા કરવાથી રોકે છે અને તમને વધુ આરામદાયક અનુભવ કરાવે છે.

➢ સમજદારી પૂર્વક ખર્ચ કરવો : બજેટ તમને તમારા પૈસાને તે વસ્તુઓ પર ખર્ચ કરવામાં મદદ કરે છે, જેમ કે મેડિકલ બિલ અથવા કારની રિપેરીગ જેવા અણધાર્યા ખર્ચા ચૂકવવા.




❖ **બજેટ કેવી રીતે બનાવવું ?**

➢ તમારા ખર્ચને શ્રેણીઓમાં વિભાજિત કરો. જેમ કે ભાડા, ખોરાક, પરિવહન અને મનોરંજન

➢ એક બજેટ બનાવો : તમારી આવક અને ખર્ચના આધારે એક બજેટ બનાવો.

➢ આવકના ૫૦% અનિવાર્ય અને રોજિંદા ખર્ચ પાછળ વાપરવા, આવકના ૩૦% મનોરંજન અને આકસ્મિત ખર્ચ પાછળ વાપરવા, આવકના બાકી રહેલા ૨૦ ટકાની બચત કરી યોગ્ય જગ્યાએ રોકાણ કરવું.

❖ **બજેટ બનાવવા માટે કેટલીક ટિપ્સ :**

✓ સ્વચાલિત ચુકવણી સેટ કરો : તમારા બિલોની સ્વચાલિત ચુકવણી સેટ કરો જેથી તમે ચુકવણી ભૂલી ના જાઓ.

✓ રોકડનો ઉપયોગ કરો : રોકડનો ઉપયોગ કરવાથી તમને તમારા ખર્ચ પર નજર રાખવામાં મદદ મળી શકે છે.

✓ નાના લક્ષ્યોને નક્કી કરો : મોટા લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે નાના લક્ષ્યો નક્કી કરો.

✓ પૈસો પૈસાને ખેંચે છે તે રીતે યોગ્ય જગ્યાએ કરેલું રોકાણ તમારી આર્થિક પરિસ્થિતિમાં સુધારો કરે છે.

✓ એક બજેટિંગ એપનો ઉપયોગ કરો : એક બજેટિંગ એપ તમને તમારા બજેટને ટ્રેક કરવામાં મદદ કરી શકે છે.

❖ **નિષ્કર્ષ :** બજેટ બનાવવું તમારા નાણાકીય સ્વાસ્થ્ય માટે સૌથી મહત્વપૂર્ણ વસ્તુઓમાંથી એક છે. બજેટ તમને તમારા પૈસાને નિયંત્રિત કરવા, તમારા લક્ષ્યોને પ્રાપ્ત કરવા અને વધુ આરામદાયક જીવન જીવવામાં મદદ કરે છે.

---



## વિષય : બહુપ્રતિભાશાળી વ્યકિતઓ/પ્રતિભાઓ

ઉન્નતિબેન પટેલ
(સુપરવાઈઝર, કૉમર્સ વિભાગ)

❖ **બહુપ્રતિભાશાળી વ્યકિત :** એક કરતાં વધુ કૌશલ્ય કે આવડત ધરાવતો હોય તે બહુપ્રતિભાશાળી વ્યકિત તરીકે ઓળખાય છે.






❖ **બહુપ્રતિભાશાળી વ્યકિતના વ્યવસાય આધારિત પ્રકાર :**

૧) બહુપ્રતિભાશાળી ફિલ્મ કલાકાર : ઉ.દા. : અમિતાભ બચ્ચન કે જે ઇન્ડિયન એકટરની સાથે પ્લે બેક સિંગર, ફિલ્મ પ્રોડ્યુસર, રાજકારણી અને લેખક જેવા એક કરતાં વધુ આવડત ધરાવે છે.

૨) બહુપ્રતિભાશાળી ક્રિકેટર : ઉ.દા. ગૌતમ ગંભીર કે જે ઇન્ટરનેશનલ ક્રિકેટર સાથે રાજકરણી, કોમેન્ટેટર, ઈન્ડિયન ક્રિકેટ ટીમના હેડ કોચ તરીકે કાર્યરત છે.

૩) બહુપ્રતિભાશાળી એથલિટ્સ : ઉ.દા. નીરજ ચોપડા કે જે હાલ જવેલિન થ્રો રમતમાં અગ્રેસર સ્થાન ધરાવે છે. જેમણે ક્રિકેટ અને વોલિબોલમાં પણ પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.

૪) બહુપ્રતિભાશાળી શિક્ષક : ઉ.દા. વિકાસ દિવ્યક્રિર્તી કે જેઓ ભૂતપૂર્વ સિવિલ સર્વન્ટ હતા. તેઓ હાલ Educator, Author, Lecturer અને Entrepreneur તરીકે કાર્યરત છે.